# વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ફોનનં.-૦૭૯-૨૫૭૧૦૦૭૪/૯૬૩૮૪૭૧૦૬૬

Email ;- polstn-vatva-ahd@gujarat.gov.in

પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦


---

## -* સારી કામગીરી *-

## "લુંટ વિથ મર્ડર"ના કેસમાં નાસતા ફરતા મુખ્ય સુત્રધારની દિલ્હી ખાતેથી ધરપકડ કરતી વટવા પોલીસ

આગામી દિવસોમાં રાજ્યમાં નવરાત્રિના તહેવાર અનુસંધાને મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓ તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવાના મૌખિક સુચના આધારે વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઈન્સ. એચ.વી.સીસારાનાઓએ પો.સબ.ઈન્સ. વી.એમ.સાટીયા ની એક ટીમ દિલ્હી ખાતે નાસતા-ફરતા "લુંટ વિથ મર્ડર"ના આરોપીઓ (૧) સમસાદ સ/ઓ રહેમતુલ્લા મો.હકિમ શેખ તથા (૨) જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે મોન્ટુ સ/ઓ દલકાઈ કામોદા અહીરવાવ બંન્ને રહે- દિલ્હી નાઓને પકડીને અમારી સમક્ષ રજુ કરવા લેખિત હુકમ કરવામાં આવતા જે અંતર્ગત પોલીસ સબ ઈન્સ. વી.એમ.સાટીયા તેઓની ટીમ સાથે દિલ્હી ખાતે જવા રવાના થયેલ અને તેઓની ટીમે દિલ્હી ખાતેથી તા.૨૪/૦૯/૨૦૧૯ ના રોજ "લુંટ વિથ મર્ડર"ના ગુનાના નાસતા ફરતા મુખ્ય સુત્રધાર

કે જેને આ ગુનાને અંજામ આપ્યો હતો તે આરોપી સમસાદ સ/ઓ રહેમતુલ્લા મો.હકિમ શેખ ઉવ.૨૧ રહે- મ.નં.એ/૧૯૨૫, ફેઝ-૨, હોલંબીકલા શાહવાડી ઝુપડપટ્ટી, બાલાજી ગલી નરેલાની બાજુમાં દિલ્હીનાને પકડી લાવી રજુ કરેલ અને સદર આરોપીને તા.૨૪/૦૯/૨૦૧૯ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને સદરી આરોપી પાસેથી મરણજનારનો જીઓની કંપનીનો એક મોબાઈલ જે સીમકાર્ડ વગરનો છે તે મોબાઈલ

ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ છે તેમજ સદર ગુનામાં પકડવાનો બાકી રહેલ આરોપી જીતુ ઉર્ફે જીતેન્દ્રને પકડવાનો બાકી હોય તે અંગે પુછપરછ કરવાની બાકી હોય તેમજ સદર આરોપીની ઓળખપરેડ કરવાની બાકી હોય તેમજ સદરી આરોપી અમદાવાદના અન્ય વિસ્તારોમાં કોઈ ગુનાઓ કરેલ છે કે કેમ? તે અંગેની તપાસ કરવાની બાકી હોય વધુ તપાસ અર્થે નામ. કોર્ટમાંથી પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવા માટેની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

સાચી કૉપી


વટવા
સમશાદ મોહંમદ
રહીમતુલ્લા શેખ